ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૩ માર્ચ, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!




## ધર્મ, ભક્તિ અને ઉત્સવોથી ધબકતું આંકલાવ તાલુકાનું ગામ

# મુજકુવા

## મુજ વણજારાએ વસવાટ માટે નિર્માણ કરેલા કૂવાના કારણે "મુજકુવા" તરીકે ઓળખ પામી ગામ પ્રચલિત થયું છે




આંકલાવ તાલુકાના મુજકુવા ગામનો વસવાટ અંદાજે ચારસો કરતા વધુ વર્ષો અગાઉ થયો છે. વસવાટ સાથે ગામ ધીમે ધીમે વિકસતું થયું હોવાનું લોકચર્ચામાં જાણવા મળે છે. તત્કાલીન સમયનો સમાજ મુખ્યત્વે કુદરત પર આધારિત હતો. પાણી, જમીન અને માર્ગોની સુલભતા જ્યાં હોય ત્યાં વસાહતો ઊભી થતી હતી.લોકવાયકામાંથી મળતી જાણકારી મુજબ વણઝારા જ્ઞાતિના આસો, અંબા અને મુજ ત્રણેય ભાઈઓ વેપાર અને જીવનનિર્વાહ માટે વિવિધ વિસ્તારોમાં ફરતા હતા. પ્રવાસ દરમિયાન મુજ નામના ભાઈને આ વિસ્તાર અનુકૂળ લાગ્યો હતો. આજુબાજુ ખુલ્લો વગડો અને ખેતી યોગ્ય જમીન અને સ્થાયી વસવાટ માટે યોગ્ય પરિસ્થિતિઓ જોઈને આ સ્થાન પર રહેવાનું નક્કી કર્યું હતું. સ્થાન પર વસવાટ કરતા લોકો માટે પાણી સૌથી મોટી જરૂરિયાત હતી. કહેવાય છે કે મુજએ વસવાટ શરૂ કરતા જ ઓછા સમયમાં કૂવાનું નિર્માણ કરાવ્યું હતું. આ કૂવાના કારણે જ આ વિસ્તાર "મુજકુવા" તરીકે ઓળખાયો અને નામ પ્રચલિત થયું છે. વડીલો કહે છે કે આસો, અંબા અને મુજ આ ત્રણેયના પ્રયત્નોથી ધીમે ધીમે અન્ય કુટુંબો પણ અહીં વસવા લાગ્યા હતા. નવા ઘરો, ખેતીના ખેતરો અને સામૂહિક પ્રવૃત્તિઓથી ગામ અસ્તિત્વમાં આવ્યું હતું. મુજકુવા ગામની સ્થાપનાની કથા માત્ર એક સ્થળના નામની નથી, પરંતુ પ્રાચીન કાળના લોકોના જીવનવિચાર, સંઘર્ષ, સહકાર અને કુદરત સાથેના ગાઢ સંબંધની જીવંતતા સમાન છે.

મુજકુવા ગામ શાંત, સ્વચ્છ અને પરંપરાગત ગ્રામ્ય જીવનશૈલી ધરાવતું ગામ છે. આ ગામ આસોદર ચોકડીથી ઉમેટા તરફ જવાના મુખ્ય માર્ગથી અંદાજે બે કિલોમીટર દૂર સ્થિત છે. જિલ્લા મથક આણંદથી લગભગ 30 કિલોમીટર અને તાલુકા મથક આંકલાવથી માત્ર 5 કિલોમીટર જેટલું અંતર હોવાથી ગામનું ભૌગોલિક સ્થાન સુલભ અને અનુકૂળ ગણાય છે.

મુજકુવા ગામની વસતીમાં મુખ્યત્વે ક્ષત્રિય સમાજના લોકોનો બહોળો સમાવેશ થાય છે. તે સાથે પટેલ, બ્રાહ્મણ, પ્રજાપતિ, વાળંદ, વણકર સહિત વિવિધ સમાજના લોકો પરસ્પર હળીમળી સૌહાર્દપૂર્વક જીવન વિતાવે છે. વિવિધ સમાજોની એકતા ગામના સામાજિક બંધારણને મજબૂત બનાવે છે અને ગામમાં સામૂહિક ભાવનાને ઉજાગર કરે છે. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. મુજકુવાની જમીન ઉપજાઉ હોવાથી અહીં બાજરી, ઘઉં, ડાંગર કપાસ અને તમાકુ જેવા મુખ્ય પાકો લેવામાં આવે છે. તે ઉપરાંત ઋતુ અનુસાર વિવિધ પ્રકારના શાકભાજીનું ઉત્પાદન પણ થાય છે. ખેતી સાથે સંકળાયેલા ઘણા ગ્રામજનો ખેતમજૂરી કરીને પોતાનું જીવનનિર્વાહ કરે છે. ખેતી સિવાય પણ ગામમાં સુથારકામ, દરજીકામ, કડિયાકામ જેવા પરંપરાગત વ્યવસાયો કરનાર લોકો જોવા મળે છે. આ વ્યવસાયિક કુશળતા ગામની આર્થિક વ્યવસ્થાને પૂરક આધાર પૂરો પાડે છે અને રોજગારના વિકલ્પો ઊભા કરે છે.

મુજકુવા ગામમાં ગ્રામ પંચાયત દ્વારા મૂળભૂત સુવિધાઓ યોગ્ય રીતે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પીવાનું પાણી, વીજળી અને રસ્તાઓ જેવી જરૂરી સેવાઓ પૂરતી અને સારી સ્થિતિમાં મળી રહે છે. આ સુવિધાઓના કારણે ગામના લોકોનું દૈનિક જીવન સરળ બન્યું છે અને વિકાસની દિશામાં ગામ સતત આગળ વધી રહ્યું છે., મુજકુવા ગામ પરંપરા અને આધુનિકતાનો સુંદર સમન્વય ધરાવતું, ખેતીપ્રધાન અને સામાજિક એકતા ધરાવતું ગામ છે, જ્યાં સાદગીભર્યું ગ્રામ્ય જીવન આજે પણ જોવા મળે છે.

## રાજ્યમાં સૂર્ય ઊર્જાના પાઈલોટ પ્રોજેક્ટ દ્વારા વીજ બિલથી મુક્તિની સાથે કમાણીનો સ્ત્રોત મુજકુવાના ખેડૂતોએ મેળવ્યો





ઓર્ગેનિક મંડળીના 11 ખેડૂતોને કેન્દ્રીય મંત્રી લલનસિંહ દ્વારા પ્રમાણપત્ર સુપ્રત કરવામાં આવ્યા હતા

આંકલાવ તાલુકાના મુજકુવા ગામના 11 ખેડૂતોએ સૌર ઊર્જા સહકારી મંડળીના માધ્યમથી ખેતરોમાં સોલર પ્રોજેક્ટ સ્થાપીને ઉત્પાદિત સૂર્ય વીજળીથી સુવિધાજનક રીતે સિંચાઈ અને અન્ય કામો કરી રહ્યા છે. આ તમામ 11 ખેડૂતો વીજ કંપનીને વીજળીના નાણાં ચૂકવવાથી મુક્ત થયા છે. અને હવે વધારાની સૂર્ય ઊર્જા ગુજરાત વીજ કંપની MGVCLએ વેચીને તેઓ આવક માટેના એક નવા સ્ત્રોતનો ઉપયોગ કરી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમૂલ ડેરીના મોગર ખાતેના પ્લાન્ટ ઉદઘાટન માટે આયોજિત કાર્યક્રમમાં મુંજકુવા સૌર ઊર્જા સહકારી મંડળીનો ઈ-તકતીથી પ્રારંભ કરાવ્યો હતો. મુજકુવાના ખેડૂતો પોતાના ખેતરમાં સિંચાઈ બાદ વધારાની વીજળી વીજ કંપનીને પ્રવહન વ્યવસ્થામાં પ્રવાહિત કરીને એક નવું પ્રકરણ શરૂ કરેલું છે, આ ખેડૂતો હવે વીજ કંપનીના વીજ વપરાશકારને બદલે એનર્જી સપ્લાય બન્યા છે. મુજકુવા ગામના ખેડૂતો માટે આવકનો એક નવો સ્ત્રોત ઉપલબ્ધ થયેલ છે. તત્કાલીન સમયે વડાપ્રધાને સમગ્ર દેશમાં મુજકુવાના ખેડૂતોની પેટર્ન મુજબ સૂર્ય ઊર્જા આધારિત સિંચાઈ ખેતી અને પૂરક આવક ઉત્પન્ન કરવાનો નિર્ધાર વ્યક્ત કરી આહવાન કર્યું હતું. જેના ભાગરૂપે રાજ્યમાં બિનપરંપરાગત ક્ષેત્રે ઊર્જા વપરાશ વધારવા, ગ્રીન એનર્જીને ઉત્તેજન આપવા અને ખેડૂતોને જરૂરીયાત મુજબ વીજળી મળે તે માટે કેન્દ્ર સરકારની સુર્ય ઉર્જા ઉત્થાન મહાઅભિયાન ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણને અનુરૂપ ખેડૂતલથી એવી સૂર્યશક્તિ કિસાન યોજના" (SKY યોજના) અમલી બનાવી છે. મુજકુવા પેટર્ન મુજબની યોજના દ્વારા રાજ્યના ખેડૂતો સૌર ઊર્જા ઉત્પાદિત કરી શકે છે. રાજ્યમાં પ્રથમ તબકકે આ યોજના મુજકુવા ગામમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલમાં મુકવામાં આવ્યો હતો.

### મુજકુવાના ખેડૂતોએ સોલાર ઉર્જામાં પણ સહકારી મંડળી બનાવી આવક ઉભી કરી

મુંજકુવાના અગ્રણી ખેડુતોએ જણાવ્યુ હતુ કે, તેમણે પોતાના ખેતરમાં સોલર પેનલ લગાવી છે. તેમની પાસે જેટલી જમીન છે. જેમાં સિંચાઇ માટે તેઓ સોલર ઉર્જાનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત વધતી ઉર્જાને ગામમાં બનાવામાં આવેલા મીટર બોક્સમાં પહોંચાડે છે. આ મીટર બોક્સમાં ઘરમાં લગાવેલા સોલર પેનલની વધેલી ઉર્જા ભેગી કરીને વીજ કંપનીને વેચવામાં આવે છે. જેના પ્રતિ યુનિટ સવા ત્રણ રૂપિયા મંડળીને મળે છે. આમ દર મહિને તેમને આશરે સરેરાશ 6થી 7 હજારનું વળતર પણ મળે છે. સાથે સાથે તેમની પાસે રહેલ પશુના ઘાસચારા માટે સોલર પેનલ લગાવેલ જમીનમાં ઘાસ ઉગાડવામાં આવ્યું છે.

## મુજકુવા ટાઉન ટોક

### -: મુજકુવા ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1102 |
| કુલ વસ્તી | 5557 |
| કુલ પુરૂષો | 2890 |
| કુલ સ્ત્રીઓ | 2667 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 80.99 |
| પુરૂષ સાક્ષરતા દર | 92.50 |
| સ્ત્રી સાક્ષરતા દર | 68.62 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 423 |
| ખેત મજૂર | 1310 |
| સીમાંત વર્ગ | 345 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 154 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 465 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 2399 |
| ગાય | 374 |
| ભેંસ | 2015 |
| અન્ય | 10 |

### -: જમીન ક્ષેત્રફળ :-

356 હેક્ટર 33 આરે 84 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 08 હેક્ટર 80 આરે 20 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 06 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 685 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 1100 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1550 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 04 |
| ખેતી વિષયક જોડાણ | 50 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 800 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 00 |
| BPL કાર્ડ ધારકો | 263 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 75 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 174 |
| વિધવા સહાય | 142 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 05 |

# દેવ મંદિરો ગામની ધાર્મિકતા, એકતા અને સંસ્કૃતિના મહત્વના સ્થાનક છે





## મુજકુવા

મુજકુવા ગામ ધાર્મિક આસ્થા અને સંસ્કૃતિનું ઉદાહરણ બનેલું છે. ગામમાં વિવિધ દેવી-દેવતાઓના પ્રાચીન અને લોકઆસ્થાથી જોડાયેલા મંદિરો આવેલાં છે, જ્યાં ગામજનો રોજિંદી જીવનમાં શ્રદ્ધા અને ભક્તિભાવથી દર્શન-પૂજન કરે છે. આ મંદિરો માત્ર ઉપાસનાના સ્થળ નહીં, પરંતુ ગામની એકતા અને સંસ્કૃતિના કેન્દ્ર તરીકે પણ મહત્વ ધરાવે છે. મુજકુવા ગામના મુખ્ય મંદિરોમાં રણછોડરાયજી મંદિર વૈષ્ણવ પરંપરાનું પ્રતીક અને ગામજનોની મુખ્ય આસ્થા સ્થાનક છે. રામદેવપીર મંદિર સમરસતા અને શ્રદ્ધાનું કેન્દ્ર બનેલું છે. મહાકાળી માતાજી મંદિર શક્તિ અને રક્ષણની ભાવનાથી જોડાયેલું સ્થાનક ગણાય છે.અહપારદાદા મંદિર લોકઆસ્થાનું વિશેષ ધામ છે. કામનાથ મહાદેવ મંદિર શિવભક્તિનું પવિત્ર કેન્દ્ર બનેલું છે. બળિયા દેવ મંદિર ગ્રામરક્ષા અને લોકમાન્યતા સાથે જોડાયેલું મંદિર છે. આ તમામ મંદિરોમાં નિયમિત પૂજા, આરતી તથા વિશેષ તિથિઓએ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે, જેમાં ગામના તમામ વર્ગોના લોકો ઉત્સાહપૂર્વક જોડાય છે. મુજકુવા ગામમાં વર્ષભર અનેક ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવો ખૂબ જ ભક્તિભાવ અને આનંદ સાથે ઉજવવામાં આવે છે. દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ, રક્ષાબંધન, શીતળા સાતમ, જન્માષ્ટમી, રામદેવપીર પાટોત્સવ, સંઘપાંચમ, મહાકાળી માતાનો મેળો, નવરાત્રી મહોત્સવ અને ગણેશોત્સવ જેવા ઉત્સવો દરમિયાન આખું ગામ ઉત્સવમય બની જાય છે.નવરાત્રીમાં ગરબા-રાસ, ગણેશોત્સવમાં સ્થાપના અને વિસર્જન, તેમજ મેળાઓ દરમિયાન ભજન-કીર્તનથી ગામનું વાતાવરણ ભક્તિમય બની જાય છે. આ ઉત્સવો માત્ર ધાર્મિક ઉજવણી નહીં, પરંતુ સામૂહિક એકતા, સંસ્કાર અને પરંપરાનો વારસો છે. મુજકુવા ગામ તેની ધાર્મિક પરંપરા, મંદિરો અને ઉત્સવોના કારણે "આસ્થાનું ધામ" તરીકે ઓળખાય છે. અહીં ધર્મ અને સંસ્કૃતિ જીવનના દરેક ક્ષેત્ર સાથે જોડાયેલા છે, જે નવી પેઢીને પણ સંસ્કાર, શ્રદ્ધા અને એકતાનો સંદેશ આપે છે. ગામમાં મહાદેવ મંદિર સહિત કુલ 12 જેટલા મંદિર આવેલા છે. જેમાં રામદેવજી મહારાજનું સુપ્રસિદ્ધ મંદિર ગામ મધ્યમાં આવેલું છે. જ્યાં દર મહિને બીજની તિથિએ મેળો ભરાય છે. તેમજ ભાદરવા સુદ બીજે મંડપ મુહૂર્ત કરી દસ દિવસ સુધી દરરોજ રાત્રે ભજન કીર્તન કરવામાં આવે છે નોમના નેજા 20 હજાર થી વધુ લોકો નેજા ચડાવવા માટે આવે છે.

## 5 પ્રાથમિક શાળા અને પેટા કેન્દ્રની શાળામાં બાળકોને કેશરયુક્ત દૂધ આપવામાં આવે છે



મુજકુવા પ્રાથમિક શાળાની સ્થાપના 1 સપ્ટેમ્બર 1909ના રોજ કરવામાં આવી હતી. શરૂઆતના સમયમાં શાળાને પોતાની જગ્યા ન હોવાથી સ્થાનિક મંદિરમાં બાળકોને બેસાડી શિક્ષણ આપવામાં આવતું હતું. શિક્ષણ પ્રત્યેના પ્રેમ અને સમજણના કારણે થોડા વર્ષો બાદ દાતાઓએ શાળાને જમીન દાન કરી હતી અને શાળાનું પહેલ વહેલું મકાન તૈયાર થયું હતું.સમય સાથે શાળાનો વિકાસ થતો ગયો. પહેલાં ધોરણ 1 થી 7 સુધીનું શિક્ષણ આપવામાં આવતું હતું, જ્યારે હાલ ધોરણ 1 થી 8 સુધીનો અભ્યાસક્રમ ચાલે છે. આજે શાળામાં એક જૂનું મકાન અને એક નવું, અદ્યતન સુવિધાવાળું મકાન ઉપલબ્ધ છે. હાલમાં ખાસ કરીને ધોરણ 6 થી 8માં અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવામાં આવે છે બાળકોને આગળના અભ્યાસ માટે ખુબ જ સરળતા રહે છે.મુજકુવા ગામ વિસ્તારથી મોટું હોવાથી અને પરા વિસ્તારમાં રહેતા બાળકોને સરળતા રહે તે હેતુથી કાશીપુરા, રવિપુરા, નંદનવન અને ગોહેલપુરા જેવી પ્રાથમિક શાળાઓ પણ કાર્યરત છે. આ વ્યવસ્થાથી બાળકોને દૂર ગામમાં આવવાની મુશ્કેલી રહેતી નથી અને શિક્ષણ સૌ માટે સરળ બન્યું છે. મુજકુવા ગામમાં પ્રાથમિક શિક્ષણ સરળતાથી ઉપલબ્ધ છે. શિક્ષણથી જ સમાજનો વિકાસ શક્ય છે, અને મુજકુવા ગામ તેનું ઉત્તમ ઉદાહરણ છે.

## મુજકુવા ગામમાં બાયોગેસ અને ઓર્ગેનિક ખાતરથી હરિત ક્રાંતિ લાવવામાં આવી છે

મુજકુવા ગામમાં પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને આર્થિક સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ જોવા મળે છે. ગામની દૂધ મંડળીના સભાસદોના ઘરે અંદાજે 160 જેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ બાયોગેસ પ્લાન્ટોના કારણે ગામમાં ઈંધણની સમસ્યા હળવી બની છે અને સાથે સાથે પર્યાવરણને પણ મોટો ફાયદો થયો છે. બાયોગેસ પ્લાન્ટ દ્વારા પશુના છાણમાંથી ગેસ તૈયાર થાય છે, જેનો ઉપયોગ રસોઈ માટે થાય છે. પરિણામે મહિલાઓને લાકડાં કે અન્ય ઈંધણ માટે જંગલ કે બજાર પર નિર્ભર રહેવું પડતું નથી. રસોઈ ઘર ધુમાડા મુક્ત બનતાં આરોગ્ય પર પણ સકારાત્મક અસર પડી છે.
મુજકુવા ગામમાં મહિલાઓની સખી ખાદ્ય સહકારી મંડળી રજીસ્ટર કરવામાં આવી છે. આ મંડળી દ્વારા બાયોગેસ પ્લાન્ટમાંથી નીકળતી સ્લરીનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે છે. મહિલાઓ સ્વયં સંગઠિત થઈ આ સ્લરીને એકત્ર કરી, પ્રક્રિયા કરીને ઉપયોગી બનાવે છે, જેનાથી તેઓ આત્મનિર્ભર બની રહી છે. બાયોગેસ પ્લાન્ટમાંથી મળતી સ્લરી ખૂબ જ પોષક તત્વોથી ભરપૂર હોય છે. આ સ્લરીમાંથી ઉચ્ચ ગુણવત્તાનું ઓર્ગેનિક ખાતર બનાવવામાં આવે છે, જે ખેતી માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે.




આ સમગ્ર પ્રક્રિયામાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) દ્વારા માર્ગદર્શન અને સહયોગ આપવામાં આવે છે. ઓર્ગેનિક ખાતરના ઉપયોગથી જમીનની ઉત્પાદક ક્ષમતા વધે છે, રસાયણિક ખાતરો પર નિર્ભરતા ઘટે છે અને ખેતી ખર્ચમાં પણ બચત થાય છે. સાથે સાથે પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે છે. ખેડૂતોને વધુ ઉપજ અને સારી આવક મળતી હોવાથી ગામની આર્થિક સ્થિતિ પણ મજબૂત બની રહી છે. બાયોગેસ, મહિલાઓની સહકારી મંડળી અને ઓર્ગેનિક ખાતર ઉત્પાદન - આ ત્રણેનું સંયોજન મુજકુવા ગામને વિકાસનું ઉત્તમ મોડેલ બનાવે છે. પર્યાવરણ પ્રત્યેની જવાબદારી, મહિલાઓનું સશક્તિકરણ અને ટકાઉ ખેતીની દિશામાં મુજકુવા ગામ અન્ય ગામો માટે પ્રેરણારૂપ બની રહ્યું છે.

## મુજકુવા દુધ મંડળીને એન.ડી.ડી.બી. તરફથી દતક લેવાતાં જનહિતમાં વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે




દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગામની સહકારી સંસ્થા છે. દૂધ ઉત્પાદકોનું હિત મંડળીના વિકાસ સાથે જોડાયેલ છે. સભાસદનું હિત મંડળીની ટીમ દ્વારા સાચવવામાં આવે છે. મંડળી દ્વારા ફક્ત નફાનો ધ્યેય ન રાખતા સર્વે દૂધ ઉત્પાદકોને સંપૂર્ણ વળતર ઊંચો ભાવ અને વધુ લાભ મળે તેવું આયોજન કરવામાં આવે છે.

સને 2024-25ના વર્ષમાં મંડળીએ ભેંસ દૂધ ખરીદી 13,45,345 લીટર, ગાય દૂધ ખરીદી 7,59,996 લીટર, મળી કુલ દૂધ ખરીદી 21,05,341લિટરની કરેલ છે. વર્ષે દૂધ ભરતા સભાસદ તથા બિન સભાસદોને 24% પ્રમાણે બોનસ તરીકે ચુકવણી કરવામાં આવી છે.તેમજ દૂધ મંડળીમાં દૂધ ભરતા સભાસદો માટે મૃત્યુ સહાય યોજના પણ અમલમાં મુકેલ છે. ચાલુ વર્ષે ગુજરી જનાર 17 સભાસદોના વારસદારોને 34 લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. મંડળી આઈ.એસ.ઓ. સર્ટીફિકેટ ધરાવે છે. જેથી આઈ.એસ.ઓ. ધારા ધોરણનું ચૂસ્ત પાલન કરવામાં આવે છે. દૂધ મંડળીમાં ત્રિભુવનદાસ ફાઉન્ડેશન કેન્દ્ર આવેલ છે. જેમાં રાહત દરે દવાઓ આપવામાં આવે છે. મંડળીને એન.ડી.ડી.બી. તરફથી દતક લેવામાં આવેલ છે. જેમાં મંડળી તથા ગામમાં વિવિધ પ્રવૃત્તિઓ કરે છે, હાલમાં ગૌચર જમીનમાં ઘાસચારો ઉગાડવા માટે એક હેક્ટર જમીનમાં સીમેન્ટના પાટીયાની દિવાલ બનાવવાની કામગીરી કરેલ છે.મંડળીના સભાસદોના ઘરે ૧૬૦ જેટલા બાયોગેસ બનાવેલ છે. જેમાં મહીલાઓની સખી ખાદ્ય સહકારી મંડળી રજીસ્ટર કરેલ છે જેના માધ્યમએ સ્લરીમાંથી ઓર્ગેનીક ખાતરો એન.ડી.ડી.બી દ્વારા બનાવવામાં આવે છે. અમૂલ ડેરી આણંદ દ્વારા દૂધ ભરતા સભાસદ માટે આકસ્મિક મૃત્યુના સંજોગોમાં રૂપિયા બે લાખનું વિમા ક્વચ આપવામાં આવે છે. આવનાર સમયમાં મંડળીને સોલર સંચાલિત બનાવી વિજળી બીલ શૂન્ય કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તેમજ મંડળીમાં સભાસદના દૂધ બીલ કે અન્ય નાણાં ઉપાડવા માટે ATM મશીન તેમજ મંડળીમાં C.S.C. સેન્ટર પણ ચાલુ કરવામાં આવેલ છે. અમૂલ દર્શન માટે બહેનો/ભાઈઓને અમૂલમાં લઈ જવામાં આવેલ છે.

### વ્યવસ્થાપક કમિટી

**ચેરમેન** : લક્ષ્મણભાઈ રાવજીભાઈ ગોહેલ, **વાઈસ ચેરમેન** : મંજુલાબેન જગદીશભાઈ પરમાર **સભ્યો** : દિપકભાઈ જાલમભાઈ ચાવડા, ગણપતભાઈ ભાઈલાલભાઈ પઢિયાર, ડાહયાભાઈ હરમાનભાઈ પઢિયાર, અરવિંદભાઈ જીવાભાઈ પઢિયાર, મનુભાઈ પુનમભાઈ પઢિયાર, મનુભાઈ રઈજીભાઈ પઢિયાર, સામંતભાઈ બાબરભાઈ ગોહેલ, ખોડાભાઈ રાવજીભાઈ ગોહેલ, મીનાબેને મહેશભાઈ ગોહેલ, **સેક્રેટરી** : લાભુભાઈ ખોડાભાઈ પટેલ, **સ્થાનિક ઓડીટર** : દિલીપભાઈ અરવિંદભાઈ પઢિયાર




### ગ્રામ પંચાયતના પૂર્વ સુકાનીઓ

પઢિયાર ફુલાભાઈ મોહનભાઈ, પઢિયાર ભીખાભાઈ બાવાભાઈ, પટેલ હરમાનભાઈ બેચરભાઈ (ઈ.ચા.), પઢિયાર પુનમભાઈ શનાભાઈ (ઈ.ચા.), પઢિયાર દેવાભાઈ ગોવિંદભાઈ, પઢિયાર પુનમભાઈ ફુલાભાઈ, પઢિયાર પુનમભાઈ શનાભાઈ (ઈ.ચા.), પઢિયાર શનાભાઈ બાવાભાઈ (ઈ.ચા.), પઢિયાર ચતુરભાઈ બકોરભાઈ, પઢિયાર બુધાભાઈ ધુળાભાઈ (ઈ.ચા.), પઢિયાર ચતુરભાઈ બકોરભાઈ, પઢિયાર મોહનભાઈ મોતીભાઈ, પઢિયાર ચતુરભાઈ બકોરભાઈ, પઢિયાર ચીમનભાઈ પુનમભાઈ, ગોહેલ મંજુલાબેન ચીમનભાઈ (ઈ.ચા.), પઢિયાર મનુભાઈ પુનમભાઈ, પટેલ વિનુભાઈ એ. (વહીવટદાર), પઢિયાર મનુભાઈ પુનમભાઈ, પઢિયાર પુનમભાઈ હરમાનભાઈ, પઢિયાર મનુભાઈ પુનમભાઈ, પઢિયાર સજજનબેન ઠાકોરભાઈ

### વર્તમાન સુકાનીઓ

સરપંચ -
ડાહ્યાભાઈ હરમાનભાઈ પઢિયાર
ઉપ સરપંચ
જાગૃતિબેન દિલીપભાઈ પઢિયાર

સભ્યો : મિત્તલબેન સુરેશભાઈ પઢિયાર, રેખાબેન મહેશભાઈ પઢિયાર, ભાવિકાબેન ગોપાલભાઈ ગોહેલ, બાબુભાઈ ભગવાનદાસ સાધુ, પુનમભાઈ બુધાભાઈ ગોહેલ, પ્રવિણભાઈ માનસંગભાઈ ગોહેલ, કેતનકુમાર ઈશ્વરભાઈ પઢિયાર, રઈબેન અરવિંદભાઈ પઢિયાર,

**ગ્રામ પંચાયત દ્વારા ગૌચર જમીનમાં ઘાસચારો ઉગાડવાનો નવતર અભિગમ અપનાવી એક હેક્ટર વિસ્તારમાં સીમેન્ટ પાટીયાની દિવાલ સાથે સંરક્ષિત ખેતી કરવામાં આવી છે, જ્યાંથી પશુપાલકોને ઘાસ વિતરણ થકી આર્થિક ઉપાર્જનનો લાભ મળી રહ્યો છે.**




(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)